# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

## જાન્યુઆરી - ૨૦૨૬

## સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં ૭૭માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી.

**સ્નેહા ફાઉન્ડેશન** સંચાલિત **એન. પી. મહેતા પ્રાથમિક શાળા**માં તારીખ **૨૬મી જાન્યુઆરી ૨૦૨૬**ના રોજ **પ્રજાસત્તાક** દિવસની ઉજવણી અત્યંત ઉત્સાહ અને દેશભક્તિના ભાવ સાથે કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત ધ્વજવંદનથી કરવામાં આવી હતી.



જેમાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા સંસ્થાના બાળકો અને સભ્યોએ ઉપસ્થિત રહી રાષ્ટ્રગાન ગાયને સમગ્ર વાતાવરણને ગૌરવ અને દેશપ્રેમથી ભરપુર બનાવવામાં આવ્યું હતું.



✷ સ્થળ ✷

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust

આ અવસરે વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીતો, કવિતાઓ તથા સંક્ષિપ્ત ભાષણો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં દેશ માટેના બલિદાન, સંવિધાનનું મહત્ત્વ અને નાગરિક તરીકેની ફરજો અંગે સુંદર રીતે સંદેશ આપવામાં આવ્યો હતો. શિક્ષકો દ્વારા પ્રજાસત્તાક દિવસનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું તેમજ ભારતના સંવિધાન અને લોકશાહી મુલ્યો અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન બાળકોમાં દેશપ્રેમ, એકતા અને શિસ્તના ગુણો વિકસે તે માટે પ્રેરણાત્મક વાતો કરવામાં આવી હતી. અંતે બાળકોને નાસ્તો આપી અને સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને આનંદમય માહોલમાં પૂર્ણ થયો હતો. આ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ મજબુત બની અને પ્રજાસત્તાક દિવસનું સાચું મહત્ત્વ તેઓએ સમજયું હતું.

## સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ‘સ્નેહની સવાર’ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા છેલ્લા ૧૮ વર્ષથી ખેડુતવાસ વિસ્તારમાં રહેતા તકવંચિત બાળકોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપીને તેમને મુખ્ય પ્રવાહ સાથે જોડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરી રહી છે. તેમજ સમાજ માટે પણ સતત લાભદાયી સેવાઓ પુરી પાડી રહી છે. આ સેવાઓને વધુ સશકત બનાવવા માટે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના પ્રાંગણમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ “સ્નેહની સવાર” નામ હેઠળ યોજાયો હતો, જેમાં વિવિધ દાત્તાઓ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતું સંસ્થાના શૈક્ષણિક તથા સામાજીક કાર્યો માટે જરૂરી સહયોગ પુરો પાડવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન સંસ્થાની પ્રવૃત્તિઓ, બાળકોના શૈક્ષણિક વિકાસ, સંસ્થાની આર્થિક પરિસ્થિતી અને ભવિષ્યની યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી, જેના પરિણામે દાત્તાઓ તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો અને તમામ દ્વારા સમાજ હિતના કાર્યોને આગળ વધારવા માટેની શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ.








# લર્નિંગ સેન્ટર

આ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના લર્નિંગ સેન્ટર અંતર્ગત અભ્યાસ કરતા બાળકોની નવ માસિક પરીક્ષા સુવ્યવસ્થિત રીતે લેવામાં આવી હતી. પરીક્ષાનો મુખ્ય હેતુ બાળકોના અભ્યાસક્રમ મુજબના જ્ઞાનનું મુલ્યાંકન કરવું તથા તેમના શૈક્ષણિક વિકાસની સમીક્ષા કરવાનો હતો.

પરીક્ષા દરમિયાન તમામ બાળકોએ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે ભાગ લીધો હતો. બાળકોને તેમના ધોરણ અનુસારના વિષયોના પ્રશ્નપત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર પરીક્ષા પ્રક્રિયા દરમિયાન શિક્ષકો દ્વારા યોગ્ય માર્ગદર્શન અને દેખરેખ રાખવામાં આવી હતી. જેના કારણે પરીક્ષા શાંતિપૂર્ણ અને સકારાત્મક વાતાવરણ સંપન્ન થઈ હતી.

આ નવા માસિક પરીક્ષાના પરિણામોના આધારે બાળકોની પ્રગતિ જાણવા મળશે અને જ્યાં વધુ માર્ગદર્શનની જરૂર છે ત્યાં આગામી સમયમાં વિશેષ ધ્યાન આપવામાં આવશે. સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા બાળકોના શૈક્ષણિક વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે.




## એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

આ માસ દરમિયાન શાળામાં શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા સહપાઠ્ય પ્રવૃત્તિઓ સુચારૂ રીતે યોજાઈ હતી. નિયમિત પાઠ્યક્રમ મુજબ શિક્ષણ કાર્ય સતત ચાલુ રાખવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓની સમજ વધે તે માટે પુનરાવર્તન, પ્રશ્નોતરી તથા વર્ગકક્ષાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. બાળકોમાં સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસ વિકસે તે માટે ચિત્રકલા, ભાષણ, કવિતા પાઠન તથા રમતગમત જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## • ચુંબક વિશે માહિતી

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિઓના ભાગરૂપે તારીખ **૧૭ જાન્યુઆરી ૨૦૨૬**ના રોજ બાળકોને ચુંબક વિશે માહિતી આપવામાં આવી હતી. ચુંબક એટલે એવી વસ્તુ કે જે લોખંડ, નિકલ જેવી ધાતુઓને પોતાની તરફ આકર્ષે છે. ચુંબકના બે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ હોય છે. સમાન ધ્રુવો એકબીજાને દૂર ધકેલે છે. જ્યારે વિપરીત ધ્રુવો એકબીજાને આકર્ષે છે. જેને ચુંબકની અસર કહેવામાં આવે છે.

આ ઉપરાંત બાળકોને રોજિંદા જીવનમાં ચુંબકના ઉપયોગો વિશે સમજાવવામાં આવ્યું અને પ્રયોગ દ્વારા તેની અસર બતાવવામાં આવી હતી. આ સાથે-સાથે આસપાસના ચુંબકીય ક્ષેત્ર વિશે પણ સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી.

આ પ્રવૃત્તિ દ્વારા સંસ્થાના બાળકોમાં વૈજ્ઞાનિક સમજ, જિજ્ઞાસા અને શીખવવાની ઉત્સુકતા વિકસાવી હતી.





## ● સુભાષચંદ્ર બોઝ વિશે માહિતી

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિઓના ભાગરૂપે તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના શિક્ષક દ્વારા બાળકોને સુભાષચંદ્ર બોઝના જીવન વિશે મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

સુભાષચંદ્ર બોઝ માનતા હતા કે ભારતને સંપૂર્ણ આઝાદી સંઘર્ષ દ્વારા જ મળી શકે. આ માટે તેમણે "આઝાદ હિંદ ફોજ" ની સ્થાપના કરી અને સૈનિકોની દેશ માટે લડવા પ્રેરણા આપી હતી.

આ સાથે શિક્ષકે સુભાષચંદ્ર બોઝના વિચારો વિશે પણ બાળકોને સમજાવ્યું હતું. તેમનો પ્રસિદ્ધ નારો 'તમે મને લોહી આપો, હું તમને આઝાદી આપીશ' બાળકોને સમજાવીને દેશ માટે ત્યાગ કરવાની ભાવના જણાવી.

શિક્ષકે બાળકને તેમના જન્મ અને મુત્યુ વિશે જાણકારી આપી અને સમજાવ્યું કે સુભાષચંદ્ર બોઝનું જીવન આજે પણ આપણાં માટે પ્રેરણાસ્ત્રોત છે.





## ● શહીદ દિવસની ઉજવણી

તારીખ ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં શહીદ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન બાળકોને ભારતના સ્વતંત્રતા સંગ્રામના મહાન શહીદો વિશે ક્રમબદ્ધ અને સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી. સૌ પ્રથમ ભગતસિંહ તથા તેમના સાથી સુખદેવ અને રાજગુરૂના અંગ્રેજી શાસન સામેના બલિદાન વિશે સમજાવવામાં આવ્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલને 'લોખંડી પુરુષ' કેમ કહેવાય છે. લાલા લજપતરાયને 'પંજાબ કેસરી' કેમ કહેવાતા અને બાલ ગંગાધર તિલકના પ્રખ્યાત નારા 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે' વિશે માહિતી આપવામાં આવી હતી.

અંતમાં બીપીનચંદ્ર પાલના દેશ જાગૃતિ અને સ્વતંત્રતાની ભાવના ફેલાવવામાં આપેલા યોગદાન અંગે સમજાવવામાં આવ્યું હતું. આ રીતે કાર્યક્રમ દ્વારા બાળકોને શહિદોના જીવન અને બલિદાનની સ્પષ્ટ સમજ આપવામાં આવી હતી.







# તહેવારોની ઉજવણી

## ● મકર સંક્રાંતિની ઉજવણી

ઉત્તરાયણ પર્વ નિમિત્તે સ્નેહા ફાઉન્ડેશનમાં જાગૃતિ અને સંવેદનશીલતા કાર્યક્રમ યોજાવામાં હતો. જેમાં બાળકોને ડિજીટલ બોર્ડ દ્વારા ઉત્તરાયણનું ધાર્મિક, સામાજીક અને ઋતુગત મહત્ત્વ સમજાવવામાં આવ્યું. તેમજ સૂર્યના ઉત્તર ગમન સાથે જોડાયેલ સકારાત્મકતા અને નવી શરૂઆતનો સંદેશ આપવામાં આવ્યો હતો.

તહેવાર દરમિયાન સુરક્ષા, સાવચેતી અને ખાસ કરીને પતંગના દોરાથી ઈજા પામતા પક્ષીઓની સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઈજા થયેલ પક્ષીઓને બચાવવાની રીતો અને હેલ્પલાઈન અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં જવાબદારી, માનવતા, પર્યાવરણ પ્રત્યેની કાળજી અને પ્રાણીપ્રેમની ભાવના વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.





## વસંત પંચમીની ઉજવણી

તારીખ **૨૩ જાન્યુઆરી ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં વસંત પંચમીની ઉજવણી ખુબ જ આનંદ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના તમામ બાળકો પીળા રંગના વસ્ત્રો પહેરીને આવ્યા હતાં. જેના કારણે સમગ્ર સંસ્થામાં ઉત્સવમય અને આનંદભર્યું વાતાવરણ સર્જાયું હતું.

કાર્યક્રમ દરમિયાન બાળકોને વસંત પંચમીના મહત્ત્વ વિશે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું તેમજ જ્ઞાનની દેવી સરસ્વતી માતાની પૂજા કરવામાં આવી. વસંત ઋતુની શરૂઆત, જ્ઞાન અને વિદ્યાનુ મહત્ત્વ વિશે પણ બાળકોને માહિતી આપવામાં આવી અને તેમને અભ્યાસ પ્રત્યે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ ઉજવણી દ્વારા બાળકોમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને તહેવારો પ્રત્યે જાગૃતિ અને રસ વધ્યો.







## તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત **તરૂણાવસ્થા** પ્રોજેકટ અંતર્ગત **ડૉ. હાર્દિકભાઈ ખત્રી** દ્વારા કુલ **૧૩૯** દિકરીઓને **સેનેટરી પેડ્સ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.

## ● બાળકોની સુરક્ષા કાર્યક્રમ

તારીખ **૨૪ જાન્યુઆરી ૨૦૨૬**ના રોજ **સ્નેહા ફાઉન્ડેશન** સંચાલિત **એન. પી. મહેતા પ્રાથમિક શાળા**ના બાળકોને સુરક્ષા અને જાગૃતિ માટે એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં **અભયમ ૧૧૨ ટીમ** દ્વારા બાળકોને આપાતકાલિન પરિસ્થિતીમાં શું કરવું, કઈ રીતે મદદ મેળવવી અને ૧૧૨ નંબરનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સરળ અને સમજણભરી રીતે સમજાવવામાં આવ્યું હતું.





## ● પ્રજાસત્તાક દિન નિમિત્તે એવોર્ડ

તારીખ **૨૬ જાન્યુઆરી ૨૦૨૬**ના રોજ ૭૭માં પ્રજાસત્તાક દિવસના પાવન અવસર નિમિત્તે સ્નેહા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહેલી સમાજસેવા અને શિક્ષણક્ષેત્રેની નોંધપાત્ર કામગીરીને માન્યતા આપતા, ભારતીય જનતા પાર્ટી(ભાજપ) દ્વારા સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાનું સન્માન કરવામાં આવ્યું હતું.



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

- **વર્ષ ૨૦૨૬ના જાન્યુઆરી મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાત્તાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | શ્રી વિરભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૬ | ૨૨૭ | ૪૬૩ | શ્રી અંકુરભાઈ શાહ |
| ૨. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૪ | ૨૨૫ | ૪૫૯ | શ્રી મહેન્દ્રભાઈ પરમાર<br>શ્રી અરવિંદભાઈ ચૌહાણ<br>શ્રી રુચિકાબેન પટેલ<br>શ્રી અલ્પેશભાઈ પટેલ |

## જાન્યુઆરી માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી સુનીલભાઈ પારેખ<br>શ્રી સંજયભાઈ મહેતા<br>શ્રી અભિનવભાઈ ગર્ગ<br>શ્રી કૃણાલબેન શાહ<br>શ્રી શિલ્પાબેન દોશી<br>શ્રી ઉમેશભાઈ ભટ્ટ<br>શ્રી નિહિરભાઈ મહેતા<br>શ્રી ઉદયભાઈ અગ્રવાલ<br>શ્રી ચેતનાબેન કોઠારી<br>શ્રી રમેશભાઈ શાહ<br>શ્રી વિશાલભાઈ ધાંમેલ્યા<br>શ્રી હિમાંશુભાઈ<br>શ્રી ધર્મેશભાઈ<br>શ્રી મેહુલભાઈ<br>શ્રી મૈત્રીબેન વઘાસીયા |
| ૨. | શ્રી અંકુરભાઈ શાહ |
| ૩. | શ્રી મહેન્દ્રભાઈ પરમાર<br>શ્રી અરવિંદભાઈ ચૌહાણ |

## ફેબ્રુઆરી-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો

| તારીખ | આયોજનની વિગત |
|---|---|
| ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ | બ્લેક ડે નિમિત્તેકાર્યક્રમ. |
| ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ | છત્રપતિ શિવાજી મહારાજની જયંતિ. |
| ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ. |













## આપને સહભાગી થવા નિમંત્રણઃ

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**

૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust

**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**